# <u>વેટરનરી કૉલેજ માં વાર્ષિકોત્સવ ની ઉજવણી</u>

આણંદ કૃષિ યુનિવર્સીટી ની પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયની વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદદ્વારા તારીખ ૧૮ અને ૧૯ દરમિયાન દ્વિદિવસીય વાર્ષિકોત્સવ **(IMPULSE-2018)** નું આયોજનકરવામાં આવ્યું હતું. આ બે દિવસ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે પેન્ટિંગ ફેસ્ટીવલ, પોસ્ટર મેકિંગ, મહેંદી હરીફાઈ, હેન્ડતથા ફેસ પેન્ટિંગ, ટ્રેઝર હન્ટ, કવિતા હરીફાઈ, ડમ્બ ચેરાડ્સ, બોલીવુડ ક્વીઝ, વિવિધ એક મિનીટ રમતો તથાસાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમ ની અભિવૃધ્દ્ધિ માટે ડૉ. એન. સી. પટેલ, કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનીવર્સીટી પ્રમુખ પદે; ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનીવર્સીટી મુખ્ય અતિથિ પદે; ડૉ. એસ. એચ. અકબરી, વિદ્યાર્થી કલ્યાણ નિયામક શ્રી તથા ડૉ. એમ. એન. બ્રહ્મભટ્ટ રજીસ્ટ્રારશ્રી એ અતિથિવિશેષ તરીકે હાજરી આપી વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ ના અથાગ મહેનત ના પરિણામે મેળવેલી વિશેષ સફળતાઓને સર્ટીફીકેટ તથા ટ્રોફી આપી ને નવાજ્યા હતાં. આ દરમિયાન ડૉ. સુદીપ્ત લાઇક દ્વારા ખુબજ સુંદર રીતે લખેલ ૩૦ – આઈકોનિક વેટ્સ પુસ્તકનો પ્રથમ અનાવરણ કાર્યક્રમ પણ યોજાયો હતો.


સમગ્ર કાર્યક્રમ નું આયોજન વિદ્યાર્થી સંઘ અધ્યક્ષ ડૉ. જે. બી. નાયક,વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. એ. એમ. ઠાકર, જનરલ સેક્રેટરી શેઠ આફતાબહુસૈન તેમજ એસ.આર.સી. કમિટી ના સભ્યોના સહકાર થી  સફળતાપૂર્વક સંપન્ન થયુ હતું.




કાર્યક્રમ નું ફુગ્ગા છોડી ને ઉદઘાટન



દીપ પ્રાગટ્ય




૩૦-આઈકોનીક વેટ નું અનાવરણ




કુલપતિશ્રી નું પ્રેરણાત્મક વક્તવ્ય



સર્ટીફીકેટ અને ટ્રોફી વિતરણ




સાંસ્કૃતિક કાર્યક્રમ

# <u>પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ ખાતેઆયોજીત</u>

## <u>૫૧મી સ્નાતક બેચનો વિદાય સમારંભ</u>

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય દ્વારા ૫૧મી સ્નાતક બેચનો વિદાય સમારંભ તા. ૨૪/૦૭/૨૦૧૮નાં કપિલા સેમિનાર હૉલ ખાતે આયોજીત થયેલ હતો. કાર્યક્રમનાં શુભારંભે મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય અને પ્રાર્થનાગીત પછી ડીનશ્રી ડૉ. એ.એમ. ઠાકરે મહાનુભાવોનું સ્વાગત પુષ્પગુચ્છ એવં ખાદી રૂમાલ તથા સ્મૃતિચિન્હ આપી કરેલ હતું. તેમનાં સ્વાગત ઉદબોધનમાં તેમણે મહાવિધાલય દ્વારા પ્રાપ્ત થયેલ શિક્ષણ, સંશોધન એવં વિસ્તરણની સિધ્ધિઓ વર્ણવી વિદાયમાન થઈ રહેલ સ્નાતક વિદ્યાર્થીઓને પશુચિકિત્સક તરીકેની કારકિર્દીઓનું માર્ગદર્શન અને પશુપાલન ક્ષેત્રે પાયાનાં પશુપાલકોને મેળવેલ જ્ઞાનરૂપી સેવાથી ઉપયોગી થવા જણાવેલ હતું. માનનીય કુલપતિશ્રી, ડૉ.એન.સી.પટેલ, સંશોધન નિયામક અને વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ.કે.બી. કથીરીયા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. અરુણભાઈ પટેલે તેમનાં ઉદબોધનમાં વિદાયમાન સ્નાતક બેચને આશિર્વચન, શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવેલ અને વિદ્યાર્થીઓને પોતાનાં પશુચિકિત્સાનાં જ્ઞાનને વિસ્તરણ પ્રવૃત્તિઓ વડે પશુઓનાં સ્વાસ્થ્યની જાળવણી અને વૈજ્ઞાનિક પશુપાલન થકી પશુપાલકોના વિકાસમાં સહભાગી થવા પ્રોત્સાહિત કરેલ હતાં. મુખ્ય અતિથિ વિશેષ તરીકે પધારેલ માનનીય પૂર્વ કુલપતિશ્રી, રાજસ્થાન યુનિવર્સિટી ઓફ વેટેરીનરી એન્ડ એનીમલ સાયન્સીઝ, ડૉ. એ.કે. ગેહેલોત સાહેબે પશુચિકિત્સક તરીકેની ફરજો અને જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપી આધુનિક ટેક્નોલૉજીનાં માધ્યમથી પોતાનાં શિક્ષણને પશુપાલકો સુધી પહોંચાડી પશુપાલન વ્યવસાય ની સમૃદ્ધિમાં ભાગીદાર થવા માટે હાકલ કરી હતી. અતિથિ વિશેષ તરીકે પધારેલ મહાવિધાલયનાં જ પૂર્વ સ્નાતક ડૉ. શૈલેષ આયંગરે વિદાયમાન થઈ રહેલ સ્નાતક વિદ્યાર્થીઓને વ્યાવસાયિક શપથ લેવડાવી પોતાનાં પશુચિકિત્સક તરીકેનાં દેશ વિદેશનાં બહોળા અનુભવો અને તેના થકી મેળવેલ જ્ઞાનનું વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ ઢબે આદાન પ્રદાન કરેલ હતું. વિકસતાં વૈજ્ઞાનિક યુગમાં પશુચિકિત્સકોનાં માહાત્મ્યનો ચિતાર પણ તલસ્પર્શી પ્રવચનમાં વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરેલ હતો. મહાનુભાવો દ્વારા ડૉ. મૈત્રી ભાવસારને બેસ્ટ ઇન્ટરનીનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ હતું. સમારંભનું સફળ સંચાલન ડૉ. એસ.કે.રાવલ, પ્રાધ્યાપક અને વડા, મેડીસીન દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું. ડૉ. કે.એમ. પંચાલ, યુ.જી.ટી.સી. ચેરમેન અને પ્રાધ્યાપક અને વડા, એનાટોમી દ્વારા આભારવિધિ થયા પછી સમારંભની પૂર્ણાહુતિ રાષ્ટ્રગીત સાથે થયેલ હતી.



પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ ખાતે આયોજીત ૫૧મી સ્નાતક બેચનો વિદાય સમારંભ

## <u>વિદ્યાર્થીસંઘ પરિષદ, વેટેરીનરી કોલેજ, આ.કૃ.યુ. દ્વારા યોજાયેલ વૃક્ષારોપણનો કાર્યક્રમ</u>

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ ખાતે તા. ૨૩/૦૭/૨૦૧૮ નાં વિદ્યાર્થીસંઘ દ્વારા ડીન શ્રી, ડૉ. એ.એમ. ઠાકરની અધ્યક્ષતામાં અને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓનાં નિયામકશ્રી ડૉ.. એસ. એચ. અકબરી તથા અતિથિ વિશેષશ્રી તરીકે આસિસ્ટન્ટ કંઝર્વેશન ઓફ ફોરેસ્ટ ઓફિસર(ACF)શ્રી એમ.એમ. રાજગુરુની હાજરીમાં અને વિદ્યાર્થીસંઘનાંમહાવિદ્યાલયનાં નિયામકશ્રી ડૉ. જે.બી. નાયકનાં માર્ગદર્શન હેઠળ નવમા સત્રનાં સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ તથા મહાવિદ્યાલયનાં અધિકારીશ્રી/કર્મચારીઓ દ્વારા આયોજિત વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજિત થયેલ હતો. મહાનુભાવો દ્વારા સ્નાતક, અનુસ્નાતકવિદ્યાર્થીઓને વૃક્ષોનું પર્યાવરણમાં અગત્ય એવં માહાત્મ્ય સમજાવવામાં આવેલ હતું. કાર્યક્રમ નાં અંતે ડૉ.. જે.બી. નાયકે બહોળી સંખ્યામાં સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને અધિકારીશ્રી/કર્મચારીઓએ

ઉપસ્થિત રહી વૃક્ષારોપણનો કાર્યક્રમ સફળ બનાવવા બદલ આભાર માનેલ હતો. ત્યારબાદ નવમા સત્રનાં સ્નાતક વિધ્યાર્થીઓ દ્વારા દસમાં સત્રનાં વિદાયમાન થઈ રહેલ ૫૧ મી સ્નાતક બેચનો શુભેચ્છા કાર્યક્રમ પણ યોજાયેલ હતો. વધુમાં તા. ૨૪/૦૭/૨૦૧૮ નાં મહાવિધ્યાલયનાં સુશ્રુત કોન્ફરેંસ રૂમમાં વિધ્યાર્થી સંઘ દ્વારા માનનીય ભુતપૂર્વ કુલપતિશ્રી રાજસ્થાન યુનિવર્સિટી ઓફ વેટેરીનરી એન્ડ એનિમલ સાઇન્સીસ ડૉ. એ.કે. ગેહલોત દ્વારા વૈજ્ઞાનિક પ્રવચનનું પણ વિધ્યાર્થીઓ અને અધિકારીશ્રીઓ માટે આયોજન થયેલ હતું.







